| | | |
|---|---|---|
| અરજી આવ્યા તા | : | ૨૭–૦૨–૨૦૨૬ |
| અરજી દાખલ તા | : | ૨૭–૦૨–૨૦૨૬ |
| અરજી નિકાલ તા | : | ૨૦–૦૩–૨૦૨૬ |
| અવધિ | : | વર્ષ–માસ–દિવસ |
| | | ૦૦ – ૦૦ – ૨૧ |

## <u>નવસારી જિલ્લાનાં મહે. એડિશ્નલ ડિસ્ટ્રીકટ જજ સાહેબ શ્રી ની કોર્ટમાં, મુકામ : નવસારી, જી. નવસારી</u>

**ફોજદારી પરચુરણ (આગોતરા) જામીન અરજી નં.૨૪૧/૨૦૨૬**
(ખેરગામ પો.સ્ટે.પાર્ટ–એ–ગુ.ર.નં.૧૧૮૨૨૦૦૪૨૬૦૦૧૫/૨૦૨૬)

**આંક – ૧૧**

**<u>અરજદાર:</u> :–** **અંકિતકુમાર જયંતિલાલ પટેલ**
ઉ.આ.વ.૩૭, ધંધો– નોકરી
રહે–દેસાઈવાડ, સહયોગ સોસાયટી,ખેરગામ,નવસારી,
તા.જી.નવસારી

**<u>વિરુધ્ધ</u>**

**<u>સામાવાળા</u>:–** **ધી સ્ટેટ**

**અરજ** :– <u>ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૪૮૨ ની જોગવાઈ મુજબ આગોતરા જામીન મેળવવા માટે...</u>

---

અરજદાર તરફે વિ.વ. **શ્રી એ.યુ.સોલા**
સામાવાળા તરફે વિ. સરકારી વકીલ. **શ્રી બી.ડી.રાઠોડ**

---

### –:: <u>ચુ કા દો</u> ::–

**૧.** અરજદાર/આરોપીએ હાલની અરજી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૪૮૨ અન્વયે આગોતરા જામીન મેળવવા માટે કરેલ છે.

**૨.** અરજદાર/આરોપી વિરુધ્ધ ખેરગામ પો.સ્ટે.પાર્ટ–એ–ગુ.ર.નં.૧૧૮૨૨૦૦૪૨૬૦૦૧૫ /૨૦૨૬ થી બી.એન.એસ.૨૦૨૩ ની કલમ– ૩૧૬(૫), ૩૩૬(૨), ૩૩૬(૩), ૩૩૮, ૩૪૦(૨), ૫૪ મુજબનો ગુન્હો નોંધાયેલ છે અને સદરહુ ગુન્હાના કામે અરજદાર/આરોપીની ધરપકડ થવાની દહેશત હોઈ, તેઓએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૨ અન્વયે આગોતરા જામીન મંજૂર કરવા માટે આ અરજી કરેલી છે.

**૩.** સદર અરજી રજૂ થતાં સરકારશ્રીને નોટિસ પાઠવવામાં આવેલી,જેના અનુસંધાને સામાવાળા તરફે વિ. સરકારી વકિલ શ્રી બી.ડી.રાઠોડ હાજર થયેલા છે અને તેઓ મારફતે આંક–૦૭ થી તપાસ કરનાર અમલદારનું સોગંદનામુ રજુ કરેલ છે.વધુમાં સદર કામે મુળ ફરીયાદીને નોટિસ પાઠવવામાં આવેલી જેના અનુસંધાને મુળ ફરીયાદી સદર અરજીનાં કામે હાજર રહેલા છે અને હાલની જામીન અરજી મંજુર કરવા સામે આંક–૦૬ થી લેખિત વાંધા રજુ કરેલ છે.

**૪.** અરજદાર/આરોપીનાં વિ.વકિલ શ્રી એ.યુ.સોલાનાઓએ તેઓની દલીલમાં જણાવેલ છે કે, અરજદાર/આરોપી તદ્દન નિર્દોષ ઈસમ છે કહેવાતા ગુનામાં ખોટી રીતે સંડોવી દીધેલ છે. અરજદાર/આરોપીનું હાલના ગુનામાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કોઈ ઈન્વોલ્ટમેન્ટ નથી. અરજદાર/આરોપી બેંકનાં મેનેજર છે. ફરીયાદમાં જણાવ્યા મુજબનો કોઈ ગુન્હો અરજદાર/ આરોપીએ કરેલ નથી. અરજદાર/આરોપીનો કોઈ ગુનાહિત ઈતિહાસ નથી. વધુમાં અરજદાર/ આરોપીની કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશનની જરૂર હોય તેવુ ત.ક.અ.નાં સોગંદનામાં ઉપરથી જણાતુ નથી.અરજદાર/આરોપી અરજીમાં જણાવેલ સરનામેના રહીશ છે,કુટુંબ પરિવારવાળા ગૃહસ્થ માણસ છે, તેઓ કયાંય નાસી–ભાગી જાય તેવા નથી અને પોલીસને તપાસમાં સહકાર આપશે. અરજદાર/આરોપીને હાલના ગુનામાં ખોટી રીતે ધરપકડ કરવામાં આવે તો તેમની પ્રતિષ્ઠાને હાનિ પહોંચે તેમ છે. અરજદાર/આરોપી નામદાર કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવાની ખાત્રી આપે છે. આ તમામ હકીકતો અને જામીનના સંદર્ભમાં નામદાર સુપ્રિમ કોર્ટ અને નામદાર ગુજરાત હાઈકોર્ટે સ્થાપિત કરેલા સિધ્ધાંતો ધ્યાને લઈ અરજદાર/આરોપીની

આગોતરા જામીન અરજી મંજૂર કરવા વિનંતી કરેલ છે.

**૫.** સામાવાળા તરફે વિ. સરકારી વકિલ શ્રી બી.ડી.રાઠોડનાએ હાજર થઈ દલીલ કરતાં જણાવેલ છે કે, આ કામનાં અરજદાર/આરોપીએ એલ એન્ડ ટી કંપનીની ૩૧ જેટલી મહિલા ગ્રાહકોની ફોર કલોઝર લોનનાં નાણા કુલ રૂા.૮,૩૭,૮૫૧/- ની ખોટી બનાવટી પાવતી પોતાની સહી કરી આપીને તે નાણા ગ્રાહકોના લોન એકાઉન્ટમાં જમા નહી કરાવી અંગત હેતુ માટે વાપરી નાંખી ઉંચાપત કરી એકબીજાની મદદગારી કરી એલ એન્ડ ટી કંપની તથા કંપનીનાં ગ્રાહકો સાથે ગુનાહિત વિશ્વાતઘાત કરી હાલનો ગુનો કરેલ છે. અરજદાર/આરોપીને નોટિસ મોકલવા છતા તેઓ પોલીસ સમક્ષ હાજર થયેલા નથી. વધુમાં રજુઆત છે કે, અરજદાર/આરોપીનાં રહેણાંક મકાને તપાસ કરતા નાસી ગયેલ છે તેમજ ગુન્હો બન્યો ત્યારથી આજદિન સુધી તેઓ નાસતા ફરતા રહેલ છે અને તપાસમાં સહકાર આપેલ નથી. હાલનાં ગુનાની તપાસ અધુરી છે અને ગુનાની તપાસ માટે અરજદાર/આરોપીનાં કસ્ટોડીયલ ઈન્ટરોગેશનની જરૂર છે. જો અરજદાર/આરોપીને આગોતરા જામીન મુકત કરવામાં આવશે તો પોતાની ગેરકાયદેસરની પ્રવૃત્તિ ચાલુ રાખશે તેમજ તેઓ પુરાવા સાથે ચેડાં કરે અને ટ્રાયલ દરમ્યાન ગેરહાજર રહે તે શકયતા નકારી શકાય તેમ નથી, તે સંજોગોમાં અરજદાર/આરોપીની આગોતરા જામીન અરજી નામંજૂર કરવા રજૂઆત કરેલ છે.

**૬.** બંને પક્ષકારોની રજુઆત, ત.ક.અધિકારી દ્વારા રજૂ કરવામાં આવેલ સોગંદનામુ, ફરિયાદની હકીકત તેમજ પોલીસ પેપર્સ ઘ્યાને લેવામાં આવેલ છે. સદર કામની ફરિયાદ ઘ્યાને લેવામાં આવે તો, આ કામનાં અરજદાર/આરોપીએ એલ એન્ડ ટી કંપનીની ૩૧ જેટલી મહિલા ગ્રાહકોની ફોર કલોઝર લોનનાં નાણા કુલ રૂા.૮,૩૭,૮૫૧/- ની ખોટી બનાવટી પાવતી પોતાની સહી કરી આપીને તે નાણા ગ્રાહકોના લોન એકાઉન્ટમાં જમા નહી કરાવી અં ગત હેતુ માટે વાપરી નાંખી ઉંચાપત કરી એકબીજાની મદદગારી કરી એલ એન્ડ ટી કંપની તથા કંપનીનાં ગ્રાહકો સાથે ગુનાહિત વિશ્વાતઘાત કરી હાલનો ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે. આ

કામે રજુ તપાસ કરનાર અમલદારનું સોગંદનામું ધ્યાને લેતા હાલનાં ગુનાની તપાસ અધુરી છે અને અરજદાર/આરોપી સદર ગુનામાં સંડોવાયેલ હોવા છતા તપાસમાં સહકાર આપેલ નથી અને નાસતા ફરે છે. ત.ક.અધિકારીએ કરેલ સોંગદનામું જોતા તપાસનાં કામે અરજદાર/આરોપીનાં કસ્ટોડીયલ ઈન્ટરોગેશનની જરૂર હોવાનું જણાય છે. સહ આરોપીઓની માહીતી મેળવી અટક કરવાની કામગીરી બાકી છે તેમજ આક્ષેપિત ઉચાપતની રકમ રીકવર કરવાની કામીગીરી પણ બાકી છે. પુવારા સાથે ચેડા થાય તેવી શકયતા પણ જણાય આવે છે. વધુમાં અત્રેની કોર્ટ દ્વારા અગાઉ અટક કરેલ આરોપી–સુનીલકુમાર સુરેશભાઈ રાઠોડનાઓની રેગ્યુલર જામીન અરજી નં.૧૨૨/૨૦૨૬ ની ગુણદોષ ઉપર ના મંજુર કરવામાં આવેલ છે. સદર ગુનામાં અરજદાર/આરોપીની સંડોવણી હોય તેવુ આ તબકકે જણાય આવે છે. અરજદાર/આરોપી વિરૂધ્ધ ગુનાની તપાસ હાલ ચાલુ છે અને ગુનાની તળસ્પર્શી તપાસ થાય તેમાટે અરજદાર/આરોપીનું કસ્ટોડીયલ ઈન્ટરોગેશન જરૂરી જણાય છે. અરજદાર/આરોપી નિર્દોષ હોવાની અને તેમને ખોટી રીતે સદર ગુનામાં સંડોવી દીધેલ હોવાની આરોપી પક્ષની દલીલ આ તબકકે સાચી જણાતી નથી. અત્રેની કોર્ટ દ્વારા નામદાર સુપ્રિમ કોર્ટે Siddharam Satlingappa Mhetre -Vs- State of Maharashtra, reported in **(2011) 1 SCC 694,** નાં ચુકાદામાં પ્રતિપાદિત કરેલ સિધ્ધાંત "Life and personal liberty are the most prized possessions of an individual but not at the cost of larger interest of society and public."

તથા Jai Prakash Singh -Vs- State of Bihar and another, reported in **(2012) 4 SCC 379,** નાં ચુકાદામાં પ્રતિપાદિત કરેલ સિધ્ધાંત "Parameters for grant of anticipatory bail in a serious offence are required to be satisfied and further while granting such relief, the court must record the reasons therefore. Anticipatory bail can be granted only in exceptional circumstances where the court is prima

facie of the view that the applicant has falsely been enroped in the crime and would not misuse his liberty." તેમજ Pratibha Manchanda -Vs- State of Haryana reported in AIR 2023 SC 3307, where in para 19 read as under :

"19. The relief of Anticipatory Bail is aimed at safeguarding individual right. While it serves as a crucial tool to prevent the misuse of the power of arrest and protects innocent individuals from harassment, it also presents challenges in maintaining a delicate balance between individual rights and the interests of justice.

The tight rope we must walk lies in striking a balance between safeguarding individual rights and protecting public interest. While the right to liberty and presumption of innocence are vital, the court must also consider the gravity of the offence, the impact on society, and the need for a fair and free investigation. The court's discretion in weighing these interests in the facts and circumstances of each individual case becomes crucial to ensure a just outcome." ધ્યાને લેવામાં આવેલ છે.

અરજદાર/આરોપીએ રજુ કરેલ લીસ્ટ સાથેના ડોકયુમેન્ટસ તથા તેની સાથે હાલની આગોતરા જામીન અરજીની ઉપરોકત હકીકતો જોતાં તથા હાલના અરજદાર/આરોપીએ ગુનામાં ભજવેલ ભાગ, તપાસના કામે અરજદાર/આરોપીની કસ્ટોડીયલ ઈન્ટરોગેશન માટેની જરૂરિયાત, તેમજ ગુનાની ગંભીરતા ધ્યાને લેતા અરજદાર/આરોપીને આગોતરા જામીન મુકત કરવા માટે ન્યાયિક ડીસ્ક્રેશન વાપરવું કોઈ રીતે યોગ્ય અને ન્યાયિક જણાતુ ન હોઈ અરજદાર/આરોપીની આગોતરા જામીન અરજી અંગે નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

**-:: હુ ક મ ::-**

અરજદાર/આરોપી-**અંકિતકુમાર જયંતિલાલ પટેલ**નાઓની હાલની ફોજદારી પરચુરણ (આગોતરા) જામીન અરજી નં.૨૪૧/૨૦૨૬ આથી **નામંજૂર** કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ. ૨૦મી માર્ચ સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૦.૦૩.૨૦૨૬
સ્થળ : નવસારી.

**( ચિન્મય. જી. મહેતા)**
એડીશ્નલ ડિસ્ટ્રીકટ જજ, નવસારી.
(કોડ નં-જીજે ૦૦૫૩૪)